ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ:- 01** **તા.22-04-2021**

## વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી તથા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ ગુજરાતનાં તમામ જીલ્લાઓમાં ભાજપ દ્વારા "સેવાયજ્ઞ" શરૂ કરવામાં આવ્યા

## સી.આર.પાટીલની "સેવાયજ્ઞ" હાંકલ હેઠળ કુલ 12047 બેડના કોવિડ કેર સેન્ટરો ગુજરાતના વિવિધ સ્થળોએ શરૂ કરવામાં આવ્યા

## સેવાકીય પ્રવૃત્તિ કરતાં કાર્યકરોને પ્રોત્સાહન માટે "સેવાયજ્ઞ" ઇ-ન્યૂઝ લેટર શરૂ કરવામાં આવ્યું.

પ્રદેશ મીડિયા વિભાગ અખબારી યાદીમાં જણાવે છે કે, જે રીતે કોરોનાની મહામારી સમગ્ર વિશ્વમાં ફેલાઈ છે ત્યારે આ વૈશ્વિક મહામારી સામે લડવા માટે કોરોનાના દર્દીઓની સારવાર માટે અને તેમને દરેક પ્રકારની આરોગ્યને લગતી સેવાઓ મળી રહે તે હેતુસર વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી તથા ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલની અધ્યક્ષતામાં પ્રદેશના હોદ્દેદારો અને જીલ્લા પ્રમુખ મહામંત્રીઓ સાથે એક વર્ચ્યુઅલ બેઠકનું આયોજન થયું હતું. જેમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે જણાવ્યુ હતું કે, આ મહામારીથી બચવા માટે અને દર્દીઓને મદદરૂપ થવા માટે ગુજરાતનાં દરેક જિલ્લાઓમાં ભાજપ દ્વારા અલગ અલગ સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે તેવો વિચાર રજૂ કરવામાં આવેલ.

ભારતીય જનતા પાર્ટીએ હકારાત્મક વિચારધારા તથા સેવા એજ કર્તવ્યના પાયા ઉપર કામ કરી રહેલો પક્ષ છે. ભારતીય જનતા પાર્ટીનો પ્રત્યેક કાર્યકર આ કપરા સમયમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી તથા ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં 21 એપ્રિલ સુધીમાં ધારાસભ્યશ્રીઓના સહકારથી 6032 બેડના, સાંસદસભ્યોના સહકારથી 1135 બેડના તેમજ જિલ્લા/મહાનગરના પ્રમુખશ્રીઓ અને સ્થાનિક સંસ્થાના સહકારથી 4880 બેડના કોવિડ કેર સેન્ટરો શરૂ કરવામાં આવ્યા. ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટી પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલની "સેવાયજ્ઞ" હાંકલ હેઠળ કુલ 12047 બેડના કોવિડ કેર સેન્ટરો ગુજરાતના વિવિધ સ્થળોએ શરૂ કરવામાં આવ્યા

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


આ ઉપરાંત ભાજપના દરેક જીલ્લા/મહાનગરના કાર્યાલયો પર હેલ્પ ડેસ્ક, પ્રદેશ મુખ્ય કાર્યાલય "શ્રી કમલમ" ગાંધીનગર ખાતે **"079-232-76944"** નંબરની હેલ્પ લાઇન શરૂ કરવામાં આવી તથા દર્દીઓના સગા અને હોસ્પિટલ સ્ટાફ સહિત લોકોને ભોજન સેવા તેમજ ક્વોરનટાઈન રહેલા વ્યક્તિઓને ટિફિન સેવાની શરૂઆત પણ ગુજરાતનાં મોટા ભાગના જીલ્લાઓમાં શરૂ કરવામાં આવી. ભાજપા સંગઠન દરેક સ્તરે સેવાકીય કાર્યમાં અગ્રેસર રહી કોરોનાની મહામારીનો સામનો કરવા સુસજ્જ છે.

હકારાત્મક વિચારધારા અને સેવાકીય પ્રેરણા મળી રહે તે હેતુસર ભાજપના પ્રત્યેક કાર્યકરોની કામગીરી બિરદાવવા "સેવાયજ્ઞ" નામનું ઇ-ન્યૂઝ લેટર શ્રી સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ મીડિયા વિભાગ દ્વારા શરૂ કરવામાં આવેલ આ ન્યૂઝ લેટરમાં કાર્યકરો, જીલ્લા/મહાનગર પ્રમુખો, ધારાસભ્યો અને સાંસદ સભ્યશ્રીઓ દ્વારા કરવામાં આવેલ સેવાકીય પ્રવૃત્તિઓને રોજે-રોજ ફોટા સહિત સ્થાન આપવામાં આવે છે જે પ્રેરણા દાયક બની રહેશે.

ડૉ. યજ્ઞેશ દવે
(પ્રદેશ મીડિયા કન્વીનર)